| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ. | ૦૨/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટરે લીધા તારીખ. | ૦૨/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ. | ૧૦/૦૩/૨૦૨૬ | | |
| સમય ગાળો :- | વર્ષ | માસ | દિન |
| | ૦૦ | ૦૦ | ૦૮ |

**મે.મહેસાણાના બીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મહેસાણા.**

**ફોજદારી પરચું.(જામીન) અરજી નં.૨૫૭/૨૦૨૬**
**આંકઃ-૮**

**અરજદાર/આરોપી** **ઠાકોર અશોકજી ગાભાજી**
ઉ.વ.આ.૩૨, ધંધો.વેપાર,
રહે.લ્હોર, તા.કડી, જી.મહેસાણા.

**વિરૂધ્ધ**

**સામાવાળા – ધી સ્ટેટ ઓફ ગુજરાત**

-----------------------------------

અરજદાર/આરોપીઓ તરફે **:-** વિ.વ.શ્રી.બી.બી.સરોદે.
સરકાર તરફે **:-** વિ.સરકારી વકીલ.શ્રી.પી. કે. દવે.

-----------------------------------

**વિષય :–** <u>ભા.ના.સુ.સં ૨૦૨૩ ની ક.૪૮૨ મુજબ આગોતરા જામીન અરજ</u>

**–// <u>ચુકાદો</u> //–**

(૧) આ કામે આરોપીને કડી પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧ ૨૦૬૦૨૦૨૬૦૦૮૩/૨૦૨૬ બી.એન.એસ.ની કલમ–૧૦૯(૧), ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), ૩૨૪(૪), ૩૨૯(૩), ૩૫૧(૩), ૩૫૨ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે પોલીસ અટક કરશે તેવી દહેશત લાગતા આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન ઉપર જામીન મુક્ત થવા હાલની અરજ ગુજારેલ છે, જેની વિગત ધ્યાને લીધી.

(૨) આ કામે અરજદારો તરફે વિ.વ.શ્રીની લંબાણપુર્વકની મૌખીક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો કે, આ કામે હાલના આરોપી નિર્દોષ છે અને ખોટી રીતે ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે. આ કિસ્સામાં એફ.આઇ.આર. આપવામાં આવેલી છે તેમાં હાલના આરોપીનું નામ આપવામાં આવેલું નથી પરંતુ ફરિયાદીએ જાણી જોઈને નવ અજાણ્યા માણસો તે રીતેની વિગત જાહેર કરેલી છે અને તેથી પોલીસે ખોટી રીતે હાલના આરોપીને ગુનામાં સંડોવી દીધેલા છે. આવા સંજોગોમાં એફ.આઈ.આર. માં હાલના આરોપીએ શું ભાગ ભજવેલો તેની કોઈ વિગત જણાવેલી નથી. આ ગુનામાં અગાઉ પકડાયેલ આરોપીઓને રેગ્યુલર જામીન ઉપર જામીન મુક્ત કરવામાં આવેલા છે. જેથી હાલના આરોપી નાસી કે ભાગી જાય તેમ નથી અને ટ્રાયલ સમયે હાજર મળી આવે તેમ છે તેમજ કોઈપણ સંજોગોમાં ઈજા પામનાર અંદરના દર્દી તરીકે સારવાર હેઠળ નથી અને જીવન–મરણ વચ્ચે ઝોલાં ખાતા નથી. તેથી આરોપીને શરતોને આધીન આગોતરા જામીન ઉપર જામીન મુકત કરવા દલીલ કરેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ. સરકારી વ.શ્રી ની લંબાણપૂર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં હાલના આરોપી અને અન્ય આરોપીઓએ બનાવ સમયે હથિયારો ધારણ કરી હુમલો કરેલ છે અને તેમાં ફરિયાદી તથા બીજા વ્યક્તિઓને નાની-મોટી ગંભીર ઈજાઓ કરેલી છે. ગુનાની તપાસ ચાલુ છે અને આરોપીના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન માટેની પોલીસને જરૂરીયાત છે. જેથી હાલના આરોપીની આગોતરા જામીન અરજી નામંજુર (રદ્દ) કરવા દલીલ કરેલ છે.

(૪) આ કામે તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ ધ્યાને લીધું. તેમજ પોલીસ તપાસના કાગળોની વિગતો ધ્યાન લીધી.

(૫) આ કામે એફ.આઇ.આર. ની વિગત ગંભીરતાથી ધ્યાને લેવામાં આવે તો આ કેસમાં સોસાયટીમાં લગ્ન હતા તે બાબત બિન તકરારી રીતે સ્પષ્ટ થયેલ છે. આ કામે બનાવ બે તબકકામાં બનેલો છે. લગ્નનો પ્રસંગ હતો તેથી વ્યવહારના સામાન્ય ક્રમમાં વ્યકિતઓ પોતાના લગ્નના પ્રસંગમાં ભેગા થતા હોય તેવી જાણ ધરાવતા હોય છે. સોસાયટીમાં દાખલ થવા અને નીકળવા માટેનો એક જ રસ્તો હોય છે જેથી સ્વાભાવિક રીતે વ્યકિતઓ લગ્નના પ્રસંગની વિગતને ધ્યાને લઇ જરૂરી કાળઝી રાખતા હોય છે પરંતુ આ કેસમાં એફ.આઇ.આર.ની વિગત તથા પોલીસ તપાસના કાગળઓની વિગતો જોતાં આ કામના આરોપીઓનું સોસાયટીમાં નીકળતી વખતનું કૃત્ય ગુનો બને તેવુ હોવાનું સ્પષ્ટ થાય છે. વધુમાં પોલીસ તપાસના કાગળોની વિગતો ધ્યાને લેતા આરોપી નં.૧ નાઓએ આ ગુનાને અંજામ આપવા માટે અન્ય આરોપીઓ સાથે કાવતરૂ ઘડેલુ છે અને જરૂરી સુચનાઓ આપેલ છે તે આધારે બીજા ભાગના ગુનાને અંજામ આપવામાં આવેલો છે. વધુમાં બીજા ભાગના ગુનાને અંજામ આપતા પહેલા હથિયારો ખરીદ કરવામાં પણ આવેલા છે. આમ, આરોપીઓની હિંસક વૃત્તિ ધ્યાને લેવી

ખૂબજ જરૂરી બને છે. વધુમાં હાલના આરોપીઓ ગમે તે પ્રકારની ગુનાહિત પ્રવૃતિ કરી શકે છે તે બાબત પણ ધ્યાને લેવા પાત્ર થાય છે. આવા સંજોગોમાં પોલીસ તપાસમાં જાહેર થયેલ વિગતો અને તપાસની દિશા અને તપાસના સંજોગો જોતાં હાલના આરોપીના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન માટેની પોલીસને જરૂરીયાત હોવાનું સંજોગોને આધિન વ્યાજબી કારણ હોવાનું જણાય છે.

આ કામે લગ્નના પ્રસંગમાં હાલના આરોપીઓ અને અન્ય આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરૂ રચી બજારમાંથી હથિયારો ખરીદ કરી હથિયારોનો ઉપયોગ કરી અને લગ્ન પ્રસંગમાં હુમલો કરી ગંભીર ઈજાઓ કરેલ છે. જેથી ગુનાની ગંભીરતામાં વધારો થાય છે.

**આ કેસમાં એફ.આઈ.આર.ની વિગત ધ્યાને લેતા આ કામના આરોપીઓ પૈકીનાએ હાથથી કાપી નાંખવાનો ઈશારો કરેલ હતો અને સાંજના બનાવ સમયે ફરિયાદીને ધારીયાથી માથામાં મારવા માટેનો પ્રયત્ન કરવામાં આવેલો. જે હુમલામાં બચાવ કરવા જતા ફરિયાદીનો હાથનો અંગુઠો કપાઈ ગયેલ છે. આમ, હુમલો કરવા આવનાર તમામ વ્યકિતઓનો ઈરાદો મોત નિપજાવવાનો હતો તેવુ સમગ્ર બનાવની વિગત જોતાં સ્પષ્ટ થાય છે અને ધારીયુ ઉગામવાનો ઈરાદો મૃત્યુ નિપજાવવા માટેનો હતો. તે સંજોગોમાં ખૂન કરવાની કોશિષના તત્વો પણ આ સાથે આ બનાવમાં લાગુ પડતા હોય તેવુ સ્પષ્ટ થાય છે.**

(૬) વ્યવહારના સામાન્ય ક્રમમાં દરેક સમાજમાં કેટલીક સામાજીક રૂઢી અને કેટલીક સામાજીક રીતે સમાજના લોકોની ઉપસ્થિતમાં આવી ધાર્મિક વિધી અસ્તિત્વમાં હોય છે અને તે સમાજ તેનું પાલન કરતી હોય છે. આવા સંજોગોમાં વિધીની વિગતને સવિશેષ ધ્યાને લેતાં લગ્નનો પ્રસંગ વ્યકિતના જીવનમાં એક જ વખત આવતો હોય છે અને તે ખુશીનો પ્રસંગ હોય છે અને જયારે સમાજના માણસો, સગા વ્હાલાઓ અને બીજા આડોશ પાડોશના તમામ વ્યકિતઓ સારા સુખ વાળા પ્રસંગોમાં સામેલ થતા હોય છે અને જો કો અગવડ પડે તો તે

સમયે સહર્ષ બધા તે અગવડને સહન કરે અને ખુશીમાં વધારો કરી વરવધુને આર્શિવાદ આપતા હોય છે પરંતુ આ કેસમાં આ બનાવના સંજોગો જોતાં આરોપીઓની વર્તણુંક પ્રથમથી જ વ્યવહારના સામાન્ય ક્રમમાં સામાન્ય વ્યકિત જે રીતે બતાવે તેવી વર્તણુંક રહેલ નથી. જેથી આરોપીઓનું ગુનાહિત માનસ પ્રથમથી જ સ્પષ્ય થાય છે. જેથી પ્રથમ વખતનો જે બનાવ બનેલ છે તે બનાવ સંદર્ભે બીજી વખતનો બનાવ બનેલો છે. આમ, હાલના આરોપીની ગુનાહિત જવાબદારી અને ગુનામાં સંડોવણીની બાબત સ્પષ્ટ થાય છે.

(૭) આ કામે અત્રેની અદાલત દ્વારા અગાઉ ફોજદારી પરચુરણ અરજ નં.૨૦૬/૨૦૨૬ તથા ફોજદારી પરચુરણ અરજ નં.૧૦૯/૨૦૨૬ થી રેગ્યુલર જામીન ઉપર શરતોને આધીને જામીન મુક્ત કરવામાં આવેલા હતા અને આ આરોપીઓ નિયમિત હાજરી પુરાવે છે કે કેમ? તે બાબતે તપાસ કરનાર અમલદારને પૂછતા તપાસ કરનાર અમલદાર દ્વારા તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ લેખિતમાં રિપોર્ટ કરવામાં આવેલો છે જેની વિગત અત્રે નોંધવી ખૂબ જ જરૂરી છે અને તે એવી છે કે,

> "કડી પોલીસ સ્ટેશન પાર્ટ-એ-૧૧૨૦૬૦૨૦૨૬૦૦૮૩ (ફર્સ્ટગુ.ર.નં.૧૭/૨૦૨૬) ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૦૯(૧), ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), ૩૨૪(૪), ૩૨૬(૩), ૩૫૧(૩), ૩૫૨, ૬૧(૨)(એ) તથા જી.પી. એક્ટ ક.૧૩૫ મુજબના કામના ક્રિ.પ.અ. નં.૨૦૬/૨૦૨૬ તા.૨૦/૦૨/૨૬ થી આપ નામદાર કોર્ટના આદેશાનુસાર જામીન મુક્ત થયેલ આરોપીઓ (૧) નિલ જીતુભાઈ પટેલ નાઓએ હાલના સરનામા તરીકે સરગાસણ ગામ, તા.ગાંધીનગર (૨) મોતીભાઈ બળદેવભાઈ ગમનભાઈ રબારીનાઓએ હાલના સરનામાં તરીકે સુરજ, તા.કડી, જી.મહેસાણા. (૩) નૈનેશ ઉર્ફે એન.ડી. રાજુભાઇ દરજીનાઓએ હાલના સરનામા તરીકે ૨૦૫, સેક્ટર-૧, ચાણકથપુરી, ઘાટલોડીયા, અમદાવાદ. (૪) આદિત્યસિંહ વિરમસિંહ વાઘેલાના ઓએ હાલના સરનામાં તરીજે આકબા, તા.બહુચરાજી, જી.મહેસાણા. (૫) અભિષેક ઉર્ફે અજય પ્રકાશભાઇ નાથીનાઓએ હાલના સરનામા તરીકે હારીજ, તા.હારીજ,

જી.પાટણ
તથા ક્રિ.પ.અ. નં.૨૨૮/૨૦૨૬ તા.૨૮/૦૨/૨૬ થી આપ નામદાર કોર્ટના આદેશાનુસાર જામીન મુક્ત થયેલ આરોપીઓ (૬) વિસ્મિતસિંહ રણજીતસિંહ છત્રસિંહ વાઘેલાનાઓએ હાલના સરનામા તરીકે આકબા, તા.બહુચરાજી, જી.મહેસાણા (૭) સોલંકી રવિરાજ સિંહ મનિષસિંહ નટવરસિંહનાઓએ હાલના સરનામા તરીકે કુંકવાવ, દરબાર ગઢ, તા.દેત્રોજ (૮) કુંદનસિંહ દાનભા ગોવિંદસિંહ સોલંકીનાઓએ હાલના સરનામા તરીકે કુકવાવ, મદારસિંહની પાટી, તા.દેત્રોજ (૯) લવ મહેશભાઇ બાબુલાલ પટેલનાઓએ હાલના સરનામા તરીકે ભાદોલ, પટેલ વાસ, તા.કલોલનુ સરનામું સરનામા પુરસીસ થી નામદાર કડી કોર્ટમાં જાહેર કરેલ હોય મજકુર આરોપીઓએ જાહેર કરેલ રહેવાનું સ્થળના નજીકના સબંધિત પોલીસ સ્ટેશનમાં ટેલિફોનિક સંપર્ક કરી, આપ નામદાર કોર્ટની શરત અનુસાર સબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવેલ છે કે કેમ ? તે બાબતે ખાત્રી તપાસ કરતાં આપ નામદાર કોર્ટના આદેશ બાદ આજદિન સુધી આરોપીઓએ હાજરી નહી પુરાવેલ હોવાનું જણાઈ આવેલ છે. જે આપ નામદાર કોર્ટને વિદીત થાય.
તા.૦૯/૦૩/૨૦૨૬"

આમ, **ગુનાના આરોપીઓને શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર જામીન મુક્ત કરવાનો હુકમ કરેલો છે તેમ છતાં તેઓ અદાલતના હુકમ અનુસાર પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવેલી નથી. આમ, અગાઉના જામીન મુક્ત થયેલા આરોપીઓએ જામીનની શરતોનો ભંગ કરેલો છે જેથી તે આરોપીઓ જામીનની શરતોનો ભંગ કરતા હોય તો તેઓના જામીન રદ કરવા પડે**. વધુમાં વિ.સરકારી વકીલશ્રી દ્વારા આ અગાઉ જામીન મુક્ત થયેલા આરોપીઓ જામીનની શરતોનો ભંગ કરે છે તે બાબતે જામીન રદ કરવા માટે અલગથી અરજી ગુજારવાની છે તે રજૂઆત પણ ગ્રાહ્ય રાખવામાં આવે છે.

આવા સંજોગોમાં આ અન્ય આરોપીઓ પૈકીનો એક આરોપી હાલના અરજદાર છે તે સંજોગોમાં અગાઉના જામીન મુક્ત થયેલા આરોપીઓ અદાલતના આદેશનું પાલન કરતાં નથી તો તે સંજોગોમાં આરોપીની ગુનાહિત માનસિકતા અને હાલના આરોપી અન્ય આરોપીઓ સાથે સંકળાયેલા છે તે બાબતને ધ્યાનમાં લેતા આરોપી પોલીસને તપાસમાં સાથ-સહકાર આપશે નહીં અને અદાલતના

હુકમનું પાલન કરશે નહીં તેવું આ તબક્કે જણાઈ આવે છે. આવા સંજોગોમાં આરોપીના કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની બાબત ધ્યાને લેતા અને ઉપરોક્ત સંજોગો જોતા આરોપીની તરફેણમાં વિવેકબુદ્ધિની સત્તા વાપરવી ન્યાયના હિતમાં ઉચિત હોવાનું જણાતું નથી.

વધુમાં, આ કેસમાં બનાવના સંજોગો તથા તેને સંલગ્ન બાબતો તથા ગુનાહિત કાવતરૂ પ્રથમ વખતના ઝઘડા બાદ બજારમાંથી હથિયાર ખરીદ કરવાની પ્રવૃત્તિ અને ત્યારબાદ ગુનાને અંજામ આપવાની પ્રવૃત્તિ જોતા આરોપીની તરફેણમાં વિવેકબુદ્ધિની સત્તા વાપરીને આરોપીને આગોતરા જામીન ઉપર જામીન મુક્ત કરવામાં આવે તો પોલીસની તપાસમાં અસર થાય તેવું જણાય છે. જેથી તમામ દ્રષ્ટિકોણથી મૂલ્યાંકન કરતા આરોપીની હાલની આગોતરા જામીન અરજી નામંજૂર (રદ) કરવી જોઈએ તેમ માની નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**-// હુકમ //-**

આથી આરોપીની હાલની આગોતરા જામીનની માંગણી કરતી અરજી નામંજુર (રદ્દ) કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૦ મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૦/૦૩/૨૦૨૬ (એમ.એફ. ખત્રી)

સ્થળ: મહેસાણા. બીજા એડીશ્નલ સેશન્સ જજ,

મહેસાણા

જીજે૦૦૬૯૧